પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૯૭ | ૮ જાન્યુઆરી, ૨૦૨૦, બુધવાર; પોષ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નિર્ભયાના ૪ નરાધમોને ૨૨મીએ ફાંસી

**પટિયાલ હાઉસ કોર્ટે જાહેર કર્યું ડેથ વોરંટ : દોષિતોને આજથી ૧૪ દિવસ બાદ ફાંસી અપાશે : તિહાર જેલમાં જ સવારે ૭ વાગે ફાંસી અપાશે : દસ્તાવેજો મળ્યા બાદ ક્યુરેટિવ પિટિશન થઇ શકે છે : નિર્ભયાની માતાએ ચુકાદાને વધાવ્યો, આખરે આઠ વર્ષ બાદ આવ્યો કેસનો અંત : કોર્ટમાં નિર્ભયાની માતા અને એક દોષિતની માતા વચ્ચે બોલાચાલી થઇ**



મુંબઇ, તા.૯

સમગ્ર દેશને હચમચાવી મુકનાર નિર્ભયા ગેંગરેપ કેસમાં દિલ્હીની એક અદાલતે આજે ચારેય અપરાધીઓને મોતની સજા માટે ડેથ વોરંટ જારી કરી દેતા નરાધમોને ક્યારે ફાંસી અપાશે તેને લઈને ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો હતો. પટિયાળા હાઉસ કોર્ટે આજે લાંબી સુનાવણી કરી હતી. ત્યારબાદ ડેથ વોરંટ જારી કરતા દેશભરમાં આની ચર્ચા રહી હતી. કોર્ટના ચુકાદા મુજબ ચારેય નરાધમોને હવે ૨૨મી જાન્યુઆરીના દિવસે સવારે સાત વાગે તિહાર જેલમાં ફાંસી આપી દેવામાં આવનાર છે. આની સાથે જ સ્પષ્ટ થઈ ગયુ છે કે દોષિતોને આજતી ૧૪ દિવસ બાદ ફાંસી આપી દેવામાં આવનાર છે. ડેથ વોરંટ જારી કરવામાં આવ્યા બાદ ઓછામાં ઓછા ૧૪ દિવસનો સમય આપવામાં આવે છે. આ ૧૪ દિવસના સમય ગાળા દરમિયાન ફાંસી માટેની તમામ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવનાર છે. છેલ્લી સુનાવણીમાં કોર્ટે તિહાર જેલ વહીવટીતંત્રને નોટીસ જારી કરવા માટે કહેવામાં આવ્યુ હતુ. બીજી બાજુ દોષિતોના વકીલ એપી સિંહે કહ્યુ છે કે દસ્તાવેજો મળી

● અનુસંધાન પાન-૭ પર

# કાસીમ સુલેમાનીના જનાજામાં ૧૦ લાખ ઈરાનીઓ જોડાયા

**જનશૈલાબ વચ્ચે ભાગદોડ મચતા ૩૫ના મોત : ૪૮થી વધુ લોકો ઘાયલ : ગૃહનગરમાં દફનવિધિ કરવામાં આવી**



કરમાન, તા. ૭

ઈરાનના જનરલ કાસીમ સુલેમાનીના જનાજામાં જોરદાર ભાગદોડ મચી જતાં ઓછામાં ઓછા ૩૮ લોકોના મોત થયા છે જ્યારે ૪૮થી વધુ લોકો ઘાયલ થયા છે. અહેવાલ મળ્યા છે કે, સુલેમાનીના શહેર કરમાનમાં આ ભાગદોડ મચી ગઈ હતી જ્યાં સુલેમાનીના જનાજાના જુલુસમાં ૧૦ લાખથી પણ વધારે લોકો ઉમટી પડ્યા હતા. ઈરાકના બગદાદમાં અમેરિકી ડ્રોન હુમલામાં માર્યા ગયેલા લોકપ્રિય સૈન્ય કમાન્ડર કાસીમ સુલેમાનીની દફનવિધિ કરવામાં આવી ચુકી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે ભારત બંધનું એલાન

**સરકારની વર્કર વિરોધી તેમજ એકપક્ષીય શ્રમ સુધારાઓ સામેના વિરોધમાં હડતાળ : બેંકિંગ સેવા ઉપર પણ અસર : એટીએમમાં રોકડ કટોકટી સર્જાવવાના સંકેત : બેન્કિંગ, રેલ્વે, વિમા, ઉર્જા, પોર્ટ સહિતના ૨૫ કર્મચારી સંગઠનો હડતાળમાં જોડાય તેવો દાવો**

ન્યુ દિલ્હી,તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની એનડીએ સરકાર-ટુ દ્વારા પ્રજા વિરોધી અને કામદાર વિરોધી નીતિઓ અપનાવવામાં આવતી હોવાનો દાવો કરીને દેશના ૧૦ જેટલા મુખ્ય કામદાર સંગઠનોએ આવતીકાલ ૮મીએ દેશ વ્યાપી "ભારત બંધ"ની જાહેરાત કરતા અને તેમાં રેલવે સહિતના અંદાજે ૨૫ કરોડ શ્રમિકો ભાગ લે તેવા દાવાની વચ્ચે ૮મીએ બેંક્ગિ સહિતની અનેક જાહેર સેવા ખોરવાઇ જવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

કુલ ૧૦ જેટલા અલગ અલગ કેન્દ્રીય ટ્રેડ યુનિયનોએ દાવો કર્યો છે કે ૮ મી જાન્યુઆરીએ યોજાનારી દેશવ્યાપી હડતાલમાં લગભગ ૨૫ કરોડ લોકો ભાગ લેશે. આ હડતાલ સરકારની "લોકો વિરોધી" નીતિઓના વિરોધમાં કરવામાં આવશે. અનેક સ્વતંત્ર સંઘો અને એસોસિએશનો જેવા વેપાર સંગઠનોએ સપ્ટેમ્બર ૨૦૧૯ માં ૮ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ દેશવ્યાપી હડતાલ યોજવાની ઘોષણા જાહેર કરી હતી. ડાબેરી ખેડૂત વિંગ્સના નેજા હેઠળ દેશભરના ખેડૂતો પણ હડતાલમાં જોડાશે. "એઆઈકેએસ અને ભૂમિ

● અનુસંધાન પાન-૭ પર

✤ ભાવભીની અંજલિ ✤

મિતુલ ઠક્કર પરિવાર તથા જીવન વિમા નિગમ,
જીવનની હરપળ આપની સાથે...
તાજેતરમાં વર્ષ ૨૦૧૯-૨૦ માં ગુમાવેલા સ્વજનોને ભાવભીની શ્રધ્ધાંજલિ, આપના સ્વજનો, અમારા પણ સ્વજનો છે.




આવો આપણે સૌ સાથે મળી સદ્‌ગતના આત્માને ચિરશાંતી માટે પરમતત્વને પ્રાર્થના કરીએ.
આ નિમિત્તે આપ સૌને ભજન સંધ્યામાં પધારવા માટે ભાવભીનું આમંત્રણ છે.

સ્થળ : ઉમિયા માતા મંદિર સંસ્થાન, બેઝમેન્ટ હોલ, કલેક્ટર કચેરીની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર.
તારીખ : ૧૦-૧-૨૦૨૦ ● સમય : રાત્રે ૮:૦૦ થી ૧૦:૦૦
ભજન ભક્તિ : શ્રી બિરેન પુરોહિત

• આયોજક •

mt WEALTH
insurancevala.com

The Mitul Thakkar Wealth Management Company
H/O : Plot - 292 / 206, Shreenath Complex, Nr. 17/22, Sec-22, Gandhinagar-22.
B/O : B-202, Titanium Heights, Corporate Road, Prahladnagar, Ahmedabad-15.
Ofc : 97245 09999 | www.mtwealth.in | www.insurancevala.com